૦૭-૦૧-૨૦૨૩ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - તમને બાપ દ્વારા બાપની લીલા અર્થાત્ ડ્રામા નાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન મળ્યું છે, તમે જાણો છો હવે આ નાટક પૂરું થાય છે, આપણે ઘરે જઈએ છીએ"**

**પ્રશ્ન :-** સ્વયં ને બાપ ની પાસે રજીસ્ટર કરાવવું હોય તો એનાં માટે કયો કાયદો છે?

**ઉત્તર :-** બાપની પાસે રજીસ્ટર થવા માટે ૧. બાપ પર પુરે-પુરું બલિ ચઢવું પડે. ૨. પોતાનું બધુંજ ભારત ને સ્વર્ગ બનાવવાની સેવામાં સફળ કરવાનું હોય છે. ૩. સંપૂર્ણ નિર્વિકારી બનવાની કસમ ઉઠાવવી પડે અને પછી રહીને પણ દેખાડવાનું હોય. એવાં બાળકોનું નામ ઓલમાઈટી ગવર્મેન્ટ નાં રજીસ્ટર માં આવી જાય છે. એમને નશો રહે છે કે અમે ભારત ને સ્વર્ગ અથવા રાજસ્થાન બનાવી રહ્યાં છીએ. અમે ભારત ની સેવા માટે બાપ પર બલિ ચઢીએ છીએ.

**ગીત :-** ઓમ્ નમો શિવાય........

**ઓમ્ શાંતિ!** જેમની મહિમા માં આ ગીત છે એ જ બેસીને પોતાની રચનાની મહિમા સંભળાવે છે. જેને લીલા પણ કહેવાય છે. લીલા કહેવાય છે નાટક ને અને મહિમા થાય છે ગુણવાન ની. તો એમની મહિમા સૌથી ન્યારી છે. મનુષ્ય તો જાણતાં નથી. બાળકો જાણે છે કે એ પરમપિતા પરમાત્માનું જ આટલું ગાયન છે જેમની શિવજયંતી પણ હવે નજીક છે. શિવજયંતી માટે આ ગીત પણ સારું છે. આપ બાળકો એમની લીલા ને અને એમની મહિમા ને જાણો છો, બરાબર આ લીલા છે. આને નાટક (ડ્રામા) પણ કહેવાય છે. બાપ કહે છે કે દેવતાઓ કરતાં પણ મારી લીલા ન્યારી છે. દરેક ની અલગ-અલગ લીલા હોય છે. જેમ ગવર્મેન્ટ માં પ્રેસીડેન્ટ (પ્રધાનમંત્રી) નું, મિનિસ્ટર (મંત્રી) નું પદ અલગ-અલગ છે ને. જો પરમાત્મા સર્વવ્યાપી હોત તો બધાંની એક એક્ટ (કાર્ય) થઈ જાત. સર્વવ્યાપી કહેવાથી જ ભૂખે મર્યા છે. કોઈપણ મનુષ્ય નથી બાપ ને, નથી બાપની અપરંઅપાર મહિમા ને જાણતાં. જ્યાં સુધી બાપ ને ન જાણે ત્યાં સુધી રચના ને પણ જાણી ન શકે. હવે આપ બાળકોએ રચનાને પણ જાણી છે. બ્રહ્માંડ, સૂક્ષ્મવતન અને મનુષ્ય સૃષ્ટિનું ચક્ર બુદ્ધિમાં ફરતું રહે છે. આ છે લીલા અથવા રચના નાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન. આ સમયે દુનિયાનાં મનુષ્ય છે નાસ્તિક. કાંઈ પણ નથી જાણતાં અને ગપોડા કેટલાં લગાવે છે. સાધુ લોકો પણ કોન્ફરન્સ (સભા) વગેરે કરતા રહે છે, બિચારા ને આ ખબર જ નથી કે હવે નાટક પૂરું થાય છે. હમણાં થોડું ટચ (સ્પર્શ) થાય છે. જ્યારે કે નાટક પુરું થવા આવ્યું છે. હવે બધાં કહે છે રામરાજ્ય જોઈએ. ક્રિશ્ચન નાં રાજ્યમાં એવું નહોતાં કહેતાં કે નવું ભારત હોય. હમણાં ખૂબ દુઃખી છે. તો બધાં અવાજ કરે છે કે હે પ્રભુ દુઃખ થી છોડાવો. કળિયુગ અંત માં જરુર વધારે દુઃખ હશે. દિવસે-દિવસે દુઃખ ની વૃધ્ધિ થતી જશે. તેઓ સમજે છે બધાં પોત-પોતાનું રાજ્ય કરવા લાગી જશે. પરંતુ આ વિનાશ તો થવાનો જ છે. આ કોઈ જાણતું નથી.

આપ બાળકોએ કેટલી ખુશીમાં રહેવું જોઈએ. તમે કોઈને પણ કહી શકો છો કે બેહદ નાં બાપ સ્વર્ગ રચે છે તો બાળકોને પણ સ્વર્ગની બાદશાહી હોવી જોઈએ. ભારતવાસી ખાસ એટલે યાદ કરે છે. ભક્તિ કરે છે ભગવાન ને મળવા ઈચ્છે છે. શ્રીકૃષ્ણપુરી માં જવા ઈચ્છે છે, જેને જ સ્વર્ગ કહે છે. પરંતુ એ નથી જાણતાં કે સતયુગ માં જ શ્રીકૃષ્ણ નું રાજ્ય હતું. પછી હવે આ કળિયુગ પૂરો થશે, સતયુગ આવશે ત્યારે ફરી શ્રીકૃષ્ણ નું રાજ્ય થશે. એ તો બધાં જાણે છે કે શિવ પરમાત્મા નાં બધાં સંતાન છે. પછી પરમાત્માએ નવી સૃષ્ટિ રચી હશે. તો જરુર બ્રહ્મા

નાં મુખ દ્વારા રચી હશે. બ્રહ્મા મુખ વંશાવલી જરુર બ્રાહ્મણ કુળભૂષણ હશે, એ સમય પણ સંગમ નો હશે. સંગમ છે કલ્યાણકારી યુગ. જ્યારે પરમાત્માએ રાજયોગ શીખવાડ્યો હશે. હમણાં આપણે છીએ બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણ. બાકી તમે કહેશો અમે કેવી રીતે માનીએ કે બ્રહ્મા નાં તનમાં પરમાત્મા આવીને રાજયોગ શીખવાડે છે. તમે પણ બ્રહ્મા મુખ વંશાવલી બની રાજયોગ શીખો તો આપમેળે જ તમને પણ અનુભવ થઇ જશે. આમાં બનાવટની કે અંધશ્રદ્ધાની કોઈ વાત જ નથી. અંધશ્રદ્ધા તો આખી દુનિયામાં છે, આમાં પણ ખાસ ભારતમાં ગુડ્ડીયોની પૂજા ખૂબ થાય છે. આઇડલ-પ્રસ્થ ભારત ને જ કહેવાય છે. બ્રહ્મા ને કેટલી ભુજાઓ આપે છે. હવે આ કેવી રીતે હોય શકે. હા બ્રહ્માનાં બહુજ બાળકો છે. જેમ વિષ્ણુને ૪ ભૂજાઓ દેખાડે છે બે લક્ષ્મી ની, બે નારાયણ ની. તેમ બ્રહ્માને પણ આટલાં બાળકો હશે. સમજો ૪ કરોડ બાળકો હોય તો બ્રહ્મા ને ૮ કરોડ ભુજા થઇ જાય. પરંતુ એવું નથી. બાકી પ્રજા તો જરુર હશે. આ પણ ડ્રામા માં નોંધ છે. બાપ આવીને આ બધી વાતો સમજાવે છે. તેઓ તો સમજી નથી શકતાં કે અંતે શું થવાનું છે. કેટલાં પ્લાન બનાવે છે. અલગ-અલગ પ્લાન બનાવે છે. અહીં બાબાનો આપ બાળકો માટે એક જ પ્લાન છે, અને આ રાજધાની સ્થાપન થઇ રહી છે. જે જેટલી મહેનત કરી આપ સમાન બનાવશે, એટલું ઊંચ પદ મેળવશે. બાપને નોલેજફુલ (જ્ઞાન નાં સાગર), બ્લીસફુલ (આનંદ નાં સાગર), રહેમદિલ કહે છે. બાપ કહે છે મારો પણ ડ્રામા માં પાર્ટ છે. માયા આ બધાં પર બેરહેમી કરી રહી છે. મારે આવીને રહેમ કરવો પડે છે. આપ બાળકોને રાજયોગ પણ શીખવાડું છું. સૃષ્ટિ ચક્રનું રહસ્ય પણ સમજાવું છું. નોલેજફુલ ને જ્ઞાન નાં સાગર કહેવાય છે. આપ બાળકો જાણો છો, કોઇને સમજાવી પણ શકો છો. અહીં અંધશ્રદ્ધાની તો કોઈ વાત જ નથી. આપણે નિરાકાર પરમપિતા પરમાત્મા ને માનીએ છીએ. પહેલાં-પહેલાં એમની મહિમા કરવી જોઇએ. એ આવીને રાજયોગ દ્વારા સ્વર્ગ રચે છે. પછી સ્વર્ગવાસીઓની મહિમા કરવી જોઈએ. ભારત સ્વર્ગ હતું તો બધાં સર્વગુણ સમ્પન્ન સોળે કળા સમ્પૂર્ણ.... હતાં. ૫ હજાર વર્ષની વાત છે. તો પરમાત્મા ની મહિમા સૌથી ન્યારી છે. પછી છે દેવતાઓ ની મહિમા. આમાં અંધશ્રદ્ધાની કોઈ વાત નથી. અહીં તો બધાં બાળકો છે. ફોલોઅર્સ (અનુયાયીઓ) નથી. આ તો ફેમેલી (પરિવાર) છે. આપણે ઈશ્વરની ફેમિલી છીએ. અસલમાં તો આપણે સર્વ આત્માઓ પરમપિતા પરમાત્મા નાં બાળકો છીએ તો ફેમિલી થઈને. એ નિરાકાર પછી સાકારમાં આવે છે. આ સમયે આ વંડરફુલ (અદ્દભુત) ફેમીલી છે, આમાં સંશય ની વાત જ નથી. શિવનાં બધાં સંતાન છે. પ્રજાપિતા બ્રહ્માનાં સંતાન પણ ગવાયેલા છે. આપણે બ્રહ્માકુમાર-કુમારીઓ છીએ, નવી સૃષ્ટિની સ્થાપના થઈ રહી છે. જૂની સૃષ્ટિ સામે છે. પહેલાં તો બાપનો પરિચય આપવાનો છે. બ્રહ્મા વંશી બન્યાં વગર બાપ નો વારસો મળી ન શકે. બ્રહ્મા ની પાસે આ જ્ઞાન નથી. જ્ઞાન સાગર શિવબાબા છે. એમની પાસેથી જ અમે વારસો મેળવીએ છીએ. અમે છીએ મુખ વંશાવલી. બધાં રાજયોગ શીખી રહ્યાં છીએ. અમને બધાંને ભણાવવા વાળા શિવબાબા છે, જે આ બ્રહ્મા તનમાં આવીને ભણાવે છે. આ પ્રજાપિતા બ્રહ્મા જે વ્યક્ત છે, એ જ્યારે સંપૂર્ણ બની જાય છે ત્યારે ફરિશ્તા બની જાય છે. સૂક્ષ્મ વતનવાસીઓ ને ફરિશ્તા કહેવાય છે, ત્યાં હાડ-માસ નથી રહેતાં. બાળકીઓ સાક્ષાત્કાર પણ કરે છે. બાપ કહે છે ભક્તિમાર્ગ માં અલ્પકાળ નું સુખ પણ મારા દ્વારા જ તમને મળે છે. દાતા હું એક જ છું, એટલે ઈશ્વર અર્પણ કરે છે. સમજે છે ઈશ્વર જ ફળ આપે છે. સાધુ સંત વગેરેનું ક્યારેય નામ નથી લેતાં. આપવા વાળા એક બાપ છે. કરીને નિમિત્ત કોઇ દ્વારા અપાવે છે, એમની મહિમા વધારવા માટે. તે બધું છે અલ્પકાળ નું સુખ. આ છે બેહદ નું સુખ. નવાં-નવાં બાળકો આવે છે તો સમજે છે જે મત પર અમે હતાં એમને પછી અમે આ જ્ઞાન સમજાવીએ.

આ સમયે બધાં માયાની મત પર છે. અહીં તો તમને ઈશ્વરીય મત મળે છે. આ મત અડધોકલ્પ ચાલે છે કારણ કે સતયુગ ત્રેતા માં આપણે એનું પ્રાલબ્ધ ભોગવીએ છીએ. ત્યાં ઉલ્ટી મત હોતી નથી કારણ કે માયા જ નથી. ઉલ્ટી મત તો પછી જ શરું થાય છે. હવે બાબા આપણને આપ સમાન ત્રિકાળદર્શી, ત્રિલોકીનાથ બનાવે છે. બ્રહ્માંડ નાં માલિક પણ બનીએ છીએ, પછી સૃષ્ટિનાં માલિક પણ આપણે બનીએ છીએ. બાપે બાળકોની મહિમા પોતાનાં કરતાં પણ ઊંચી કરી છે. આખી સૃષ્ટિ માં એવાં બાપ ક્યારેય જોયા જે બાળકો નાં ઉપર આટલી મહેનત કરે અને પોતાનાં કરતાં પણ તીખા બનાવે! કહે છે આપ બાળકોને વિશ્વની બાદશાહી આપું છું, હું નથી ભોગવતો. બાકી દિવ્ય દૃષ્ટિની ચાવી પોતાનાં હાથમાં રાખું છું. ભક્તિમાર્ગમાં પણ મને કામમાં આવે છે. હમણાં પણ બ્રહ્મા નો સાક્ષાત્કાર કરાવું છું કે આ બ્રહ્માની પાસે જઈને રાજયોગ શીખી ભવિષ્ય પ્રિન્સ (રાજકુમાર) બનો. આ તો ઘણાઓને સાક્ષાત્કાર થાય છે. પ્રિન્સ તો બધાં તાજ સહિત હોય છે. બાકી બાળકોને આ ખબર નથી પડતી કે સૂર્યવંશી પ્રિન્સ નો સાક્ષાત્કાર થયો કે ચંદ્રવંશી પ્રિન્સ નો. જે બાપનાં બાળકો બને છે તે પ્રિન્સ-પ્રિન્સેઝ તો જરુર બનશે પછી આગળ કે પાછળ. સારો પુરુષાર્થ હશે તો સૂર્યવંશી બનશે નહીં તો ચંદ્રવંશી. તો ફકત પ્રિન્સ ને જોવાથી ખુશ નથી થવાનું. આ બધો પુરુષાર્થ પર આધાર રાખે છે. બાબા તો દરેક વાત ક્લિયર (સ્પષ્ટ) કરીને સમજાવે છે, આમાં અંધશ્રદ્ધા ની વાત નથી. આ છે ઈશ્વરીય ફેમિલી. આ હિસાબ થી તો તેઓ પણ ઈશ્વરીય સંતાન છે. પરંતુ તેઓ કળિયુગ માં છે, તમે સંગમ પર છો. કોઈની પાસે પણ જાઓ બોલો અમે શિવવંશી, બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણ જ સ્વર્ગ નો વારસો મેળવી શકીએ છીએ. કોઈને સારી રીતે સમજાવવાની મહેનત કરવી પડે છે. ૧૦૦-૫૦ ને સમજાવીએ ત્યારે એમાંથી કોઇ એક નીકળે. જેની તકદીર માં હશે તે કોટો માં કોઇ નીકળશે. આપ સમાન બનાવવામાં સમય લાગે છે. બાકી સાહૂકાર નો અવાજ મોટો હોય છે. મિનિસ્ટર (મંત્રી) ની પાસે જઈએ છીએ તો પહેલાં એ પૂછે છે તમારી પાસે કોઇ મિનિસ્ટર આવે છે? જ્યારે સાંભળાવીએ છીએ કે હા આવે છે તો કહેશે સારું અમે પણ આવીએ છીએ.

બાપ કહે છે હું બિલકુલ સાધારણ છું. તો સાહૂકાર કોઈ વિરલા જ આવે છે. આવવાનાં જરુર છે પરંતુ અંતમાં. આપ બાળકોને ખૂબ નશો રહેવો જોઈએ. એમને સમજાવવાનું છે અમે તો ભારત ની તન-મન-ધન થી સેવા કરીએ છીએ. તમે ભારતની સેવા ને માટે જ બલિ ચઢ્યાં છો ને. એવું ફ્લેનથ્રોફિસ્ટ (દાતા) કોઇ હોતું નથી. તેઓ તો પૈસા ભેગા કરી મકાન વગેરે બનાવતા રહે છે. અંતે તો આ બધું માટીમાં મળી જવાનું છે. તમારે તો બધુંજ બાબા પર બલિ ચઢાવવાનું છે. ભારત ને સ્વર્ગ બનાવવાની સેવામાં જ બધું લગાવવાનું છે. તો પછી વારસો પણ તમે જ મેળવો છો. તમને નશો ચઢેલો છે - અમે ઓલમાઈટી ઓથોરિટી નાં બાળકો છીએ. અમે એમની પાસે રજીસ્ટર થઈ ગયાં. બાબા પાસે રજીસ્ટર થવામાં ખૂબ મહેનત લાગે છે. જ્યારે સંપૂર્ણ નિર્વિકારી-પણા ની સોગંદ ઉઠાવો અને રહીને પણ દેખાડો ત્યારે બાબા એને રજીસ્ટર કરે છે. બાળકોને ખૂબ નશો રહેવો જોઈએ કે અમે ભારત ને સ્વર્ગ અથવા રાજસ્થાન બનાવી રહ્યાં છીએ, ત્યારે એનાં પર રાજ્ય કરશો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) આપણે ઈશ્વરીય સંતાન એક ઈશ્વરની ફેમિલી નાં છીએ. આપણને હમણાં ઈશ્વરીય મત મળી રહી છે, આ રુહાની નશામાં રહેવાનું છે. ઉલ્ટી મતો પર નથી ચાલવાનું.

2) ભારતની સેવા માટે બ્રહ્મા બાપ સમાન પૂરેપૂરું બલિ ચઢવાનું છે. તન-મન-ધન ભારત ને સ્વર્ગ બનાવવામાં સફળ કરવાનું છે. પૂરેપૂરાં ફ્લેંથરોફિસ્ટ (દાની) બનવાનું છે.

**વરદાન :- પરમાત્મ પ્રેમ ની છત્રછાયામાં સદા સેફ (સુરક્ષિત) રહેવાવાળા દુઃખો ની લહેરો થી મુક્ત ભવ**

જેમ કમળપુષ્પ કિચડ પાણી માં હોવા છતાં પણ ન્યારું રહે છે. અને જેટલાં ન્યારા એટલાં બધાનાં પ્યારા છે. એમ આપ બાળકો દુઃખનાં સંસાર થી ન્યારા અને બાપ નાં પ્યારા થઈ ગયાં, આ પરમાત્મ પ્રેમ છત્રછાયા બની જાય છે. અને જેનાં ઉપર પરમાત્મ છત્રછાયા છે એને કોઈ શું કરી શકે! એટલે ફકુર (નશા) માં રહો કે અમે પરમાત્મ છત્રછાયા માં રહેવાવાળા છીએ, દુઃખની લહેર અમને સ્પર્શ પણ ન કરી શકે.

**સ્લોગન :-** જે પોતાનાં શ્રેષ્ઠ ચરિત્ર દ્વારા બાપદાદા તથા બ્રાહ્મણ કુળ નું નામ રોશન કરે છે એ જ કુળદીપક છે.